આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનોને આપવામાં આવતી બ્લાઉઝ સિલાઈની રકમમાં સુધારો કરવા બાબત.

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક : **WCDD/ACT/e-file/23/2024/0196/B (ICDS)**

બ્લોક નં. : ૯/૮, સરદારભવન,

સચિવાલય,ગાંધીનગર

<u>વંચાણે લીધા :</u> -

(૧) મહિલા અને બાળ વિકાસ વિભાગના તા. ૧૨/૧૧/૨૦૦૯ના ઠરાવ ક્રમાંક: આઈસીડી/૧૧૨૦૦૯/૨૩૦૧/બ

(૨) કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરીનો તા.૧૭/૦૧/૨૦૨૪નો પત્ર ક્રમાંક: **ICDS/MKMIII/e-file/257/2023/1168/ADMIN**

<u>પ્રસ્તાવના:-</u>

ઉક્ત સંદર્ભિત ઠરાવ (૧)થી આઈ.સી.ડી.એસ. સેવા યોજના અંતર્ગત કાર્યરત આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનોને આપવામાં આવતી બ્લાઉઝ સિલાઈનો દર રૂ. ૩૫ નિયત થયેલ છે. ઉક્ત સંદર્ભિત પત્ર (૨) થી કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી દ્વારા આઈ.સી.ડી.એસ. યોજના અંતર્ગત આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનોના બ્લાઉઝ સિલાઈ પેટે રૂ. ૧૫૦/- કરવા દરખાસ્ત કરેલ હતી. જેથી આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનોને આપવામાં આવતી બ્લાઉઝ સિલાઈની રકમમાં સુધારો કરવાની બાબત સરકારશ્રીના વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ :</u>

આથી પુખ્ત વિચારણાના અંતે આઈ.સી.ડી.એસ. યોજના અંતર્ગત આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનોના બ્લાઉઝની સિલાઈની રકમ પ્રતિ બ્લાઉઝ દીઠ રૂ. ૭૫/- નિયત કરવામાં આવે છે.

આ હુકમ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા.૦૫/૧૦/૨૦૨૪ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે પ્રસિદ્ધ કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આર.કે.દેસાઈ)
સેક્શન અધિકારી
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

૧. માન. મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સરદારભવન, ગાંધીનગર
૨. અગ્રસચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૩. સચિવશ્રી (આ.બા.)ના અંગત મદદનીશશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૪. સચિવશ્રી (ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૫. સચિવશ્રી (મહિલા અને બાળ વિકાસ વિભાગ)ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૬. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
૭. કમિશ્નરશ્રી, (આઈ.સી.ડી.એસ.), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
૮. નાણાં સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૯. સર્વે જીલ્લા વિકાસ અધિકારીશ્રી, જીલ્લા પંચાયત કચેરી

૧૦. વિભાગીય નાયબ નિયામકશ્રી, વિભાગીય કચેરી, અમદાવાદ/વડોદરા/સુરત/રાજકોટ

૧૧. સર્વે પ્રોગ્રામ અધિકારીશ્રી, (આઈસીડીએસ) જીલ્લા પંચાયત કચેરી

૧૨. સર્વે પ્રોગ્રામ અધિકારીશ્રી, (આઈસીડીએસ) મ્યુનિસિપલ કોર્પોરેશન કચેરી

૧૪. એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ / રાજકોટ

૧૪. પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર

૧૫. નિવાસી ઓડીટ અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગર

૧૬. તિજોરી અધિકારીશ્રી, તિજોરી અધિકારીશ્રીની કચેરી, જીલ્લા પંચાયત તમામ

૧૭. સિસ્ટમ મેનેજર, મહિલા અને બાળ વિકાસ વિભાગ – વેબસાઈટ ઉપર મુકવા સારૂં.

૧૮. સિલેક્ટ ફાઈલ.